# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મૉરિશિયસના પ્રધાનમંત્રી વચ્ચે આજે વારાણસીમાં દ્વિપક્ષીય સંવાદ.
2. શ્રી મોદી આજે સાંજે ઉત્તરાખંડમાં પૂરથી અસરગ્રસ્ત વિસ્તારનું હવાઈ નિરીક્ષણ કરશે.
3. નેપાળમાં રાષ્ટ્રપ્રમુખ, સેના પ્રમુખ અને યુવા પ્રદર્શનકર્તાઓના પ્રતિનિધિઓ વચ્ચે આજે વચગાળાની સરકારનું નેતૃત્વ નક્કી કરવા વાતચીત થશે.
4. CBI-એ ઇન્ટરપૉલની મદદથી મુનવ્વર ખાનને કુવૈતથી ભારત પરત લાવવામાં સફળતા મેળવી.
5. ભારતે ઇંગ્લૅન્ડના લિવરપૂલમાં વિશ્વ મુક્કેબાજ સ્પર્ધામાં ત્રણ ચંદ્રક નિશ્ચિત કર્યા.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM VARANASI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશના પ્રવાસે છે. શ્રી મોદીએ આજે  વારાણસીમાં મૉરિશિયસના પ્રધાનમંત્રી નવિનચન્દ્ર રામગુલામ સાથે દ્વિપક્ષીય સંવાદ કર્યો. બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય સંવાદમાં વિકાસ ભાગીદારી અને ક્ષેત્રિય સહકાર સહિતના મુદ્દાઓ પર ચર્ચા થઇ.

બંને દેશોએ અવકાશ, અને વિજ્ઞાન સહિતના કેટલાક મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સમજૂતી કરાર પણ હસ્તાક્ષર કર્યા. ત્યારબાદ બંને નેતાઓના સંયુક્ત નિવેદનમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે મોરેશિયસ ભારત માટે એક મહત્વપૂર્ણ ભાગીદાર છે.

(બાઇટ- પ્રધાનમંત્રી…ON  મોરેશિયસ)

આ પહેલા વિદેશ સચિવ વિક્રમ મિસરીએ શ્રી રામગુલામ સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ બહુપક્ષીય ભાગીદારી અંગે ચર્ચા કરી અને ઇતિહાસ, સંસ્કૃતિ તથા બંને દેશ વચ્ચેના સંબંધ પર આધારિત ભારત–મૉરિશિયસ વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

ઉલ્લેખનીય છે કે, અગાઉ વારાણસી વિમાનમથક ખાતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શ્રી મોદીનું સ્વાગત કર્યું. ત્યારબાદ પ્રધાનમંત્રીએ રોડ શૉ યોજ્યો હતો. લોકોએ પુષ્પવર્ષા કરી શ્રી મોદીને આવકાર્યા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM VARANASI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશના પ્રવાસે છે. શ્રી મોદીએ આજે વારાણસીમાં મૉરિશિયસના પ્રધાનમંત્રી નવિનચન્દ્ર રામગુલામ સાથે દ્વિપક્ષીય સંવાદ કર્યો. બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય સંવાદમાં વિકાસ ભાગીદારી અને ક્ષેત્રિય સહકાર સહિતના મુદ્દાઓ પર ચર્ચા થઇ.

બંને દેશોએ અવકાશ, અને વિજ્ઞાન સહિતના કેટલાક મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સમજૂતી કરાર પણ હસ્તાક્ષર કર્યા. ત્યારબાદ બંને નેતાઓના સંયુક્ત નિવેદનમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે મોરેશિયસ ભારત માટે એક મહત્વપૂર્ણ ભાગીદાર છે.

(બાઇટ- પ્રધાનમંત્રી...**ON** મોરેશિયસ)

આ પહેલા વિદેશ સચિવ વિક્રમ મિસરીએ શ્રી રામગુલામ સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ બહુપક્ષીય ભાગીદારી અંગે ચર્ચા કરી અને ઇતિહાસ, સંસ્કૃતિ તથા બંને દેશ વચ્ચેના સંબંધ પર આધારિત ભારત—મૉરિશિયસ વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

ઉલ્લેખનીય છે કે, અગાઉ વારાણસી વિમાનમથક ખાતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શ્રી મોદીનું સ્વાગત કર્યું. ત્યારબાદ પ્રધાનમંત્રીએ રોડ શૉ યોજ્યો હતો. લોકોએ પુષ્પવર્ષા કરી શ્રી મોદીને આવકાર્યા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NEPAL INTERIM GOVERNMENT

નેપાળમાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ વચ્ચે રાષ્ટ્રપ્રમુખ રામચંદ્ર પૌડેલ, નેપાળની સેનાના પ્રમુખ અશોકરાજ સિગડેલ અને યુવા પ્રદર્શનકર્તાઓના પ્રતિનિધિઓ વચ્ચે આજે વચગાળાની સરકારનું નેતૃત્વ નક્કી કરવા વાતચીત થશે. સૂત્રોના જણાવ્યા મુજબ, યુવા પ્રદર્શનકર્તાઓના પ્રતિનિધિઓએ પૂર્વ મુખ્ય ન્યાયાધીશ સુશિલા કાર્કીને વચગાળાનાં પ્રધાનમંત્રી પદ માટે પોતાનાં ઉમેદવાર પસંદ કર્યાં છે.

નેપાળની સેના સાથે યુવાનોની ચર્ચામાં પ્રત્યક્ષ રીતે ચૂંટાયેલી કારોબારી પ્રણાલિ, યુવાનોને સામેલ કરવા સંઘીય સંસદની ચૂંટણી, વર્ષ 1989 પછી જાહેર પદ ધરાવતા તમામ અધિકારીઓની સંપત્તિની તપાસ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. દરમિયાન, ભ્રષ્ટાચારના કેસની ન્યાયિક તપાસ અને ભ્રષ્ટ સાંસદોને મંત્રી બનતા અટકાવવાની વ્યવસ્થા કરવા સહિત અન્ય ઘણા મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ.

દરમિયાન કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ નેપાળ-માઓવાદીના અધ્યક્ષ અને પૂર્વ પ્રધાનમંત્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડે' યુવાનોના નેતૃત્વમાં ચાલી રહેલા આંદોલન પર પોતાના પક્ષની સત્તાવાર વલણ અંગે વિસ્તૃત 10 મુદ્દાનું વિગતવાર નિવેદન બહાર પાડ્યું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NEPAL – CURFEW

નેપાળમાં કાઠમંડુ, લલિતપુર અને ભક્તપુર જિલ્લામાં આવતીકાલે સવારે 6 વાગ્યા સુધી પ્રતિબંધક આદેશ અને કર્ફ્યુ લંબાવાયો છે. નેપાળ સેનાએ કહ્યું કે, આ પ્રતિબંધ આવશ્યક સેવાઓ પૂરી પાડતા વાહનો અને સંસ્થાઓ પર લાગુ નહી થાય.

નેપાળ સેનાએ લોકોને તેમની જરૂરિયાતો પર ધ્યાન રાખીને નાના જૂથમાં કામ કરવા અપીલ કરી છે. દૈનિક જરૂરિયાતોને પહોંચી વળવા આજે સવારે 6 થી 9 વાગ્યા સુધી કર્ફ્યુમાં છૂટ અપાઇ હતી અને સાંજે 5 વાગ્યાથી સાંજે 7 વાગ્યા સુધી કર્ફ્યુમાં છૂટછાટ અપાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NEPAL FLIGHT

ઍર ઇન્ડિયા અને ઇન્ડિગૉએ જાહેરાત કરી છે કે, તેઓ નેપાળમાં ફસાયેલા પ્રવાસીઓની મદદ માટે દિલ્હીથી કાઠમાંડુ વચ્ચે વિશેષ ઉડાન ચલાવશે. ઍર ઇન્ડિયાએ જણાવ્યું, નિયમિત ઉડાન શરૂ થઈ ગઈ છે, જે આજે પણ ચાલશે. ઍરલાઈને પ્રવાસીઓને ઉડાનની સ્થિતિ તેમની વૅબસાઈટ પર જઈને જોવા અનુરોધ કર્યો છે.

ઍર ઇન્ડિયાએ પ્રવાસીઓના હિતમાં આ સુવિધા શરૂ કરવામાં સંકલન માટે સરકાર અને અન્ય સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો છે. ઇન્ડિગોએ જણાવ્યું, તેઓ આજથી કાઠમાંડુ માટે અને કાઠમાંડુથી ચાર દૈનિક ઉડાન ફરીથી શરૂ કરશે.

દરમિયાન કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુએ કહ્યું, વિમાન કંપનીઓને યોગ્ય ભાડું લેવા જણાવાયું છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું, સરકાર આ સમયે પ્રવાસીઓની સલામત યાત્રા સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## ATTACK 9-11

અમેરિકા પર 11 સપ્ટેમ્બરે થયેલા હુમલાને આજે 24 વર્ષ થયા છે. આ દુઃખદ ઘટનાની યાદમાં અમેરિકામાં અનેક કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે. 11 સપ્ટેમ્બર 2001ના રોજ ચાર અજાણ્યા પ્રવાસી વિમાનનો હથિયાર તરીકે ઉપયોગ કર્યો હતો. બે વિમાન ન્યૂ યૉર્કમાં વર્લ્ડ ટ્રેડ સૅન્ટરના ટ્વિન ટાવર્સથી અથડાયા, જ્યારે ત્રીજું વિમાન વૉશિંગ્ટન ડીસીની બહાર પૅન્ટાગન સાથે અથડાયું. તો ચોથું વિમાન પ્રવાસીઓના વિરોધ બાદ પૅન્સિલવેનિયાના શૅક્સવિલેના એક ખેતરમાં પડ્યું હતું.

આ હુમલામાં બે હજાર 977 લોકો અને 19 અપહરણકર્તાના મોત થયા હતા. પીડિતોમાં 77 દેશના નાગરિક સામેલ હતા. આ હુમલાના જવાબમાં અમેરિકાએ અલ-કાયદાનો નાશ કરવા અને તેના નેતા ઓસામા બિન લાદેનને પકડવા વર્ષ 2011માં અફઘાનિસ્તાન પર સૈન્ય હુમલો કરાયો હતો. તેમાં ઓસામા ઠાર મરાયો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA – PAKISTAN

ભારતે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં પાકિસ્તાનની આકરી ટીકા કરી તેના નિવેદનોને ખોટા અને પાયાવિહોણા ગણાવ્યા છે. સ્વીત્ઝરલેન્ડના જીનીવામાં યોજાયેલી પરિષદના 60મા સત્ર દરમિયાન ભારતના કાયમી મિશનના કાઉન્સેલર ક્ષિતિજ ત્યાગીએ પાકિસ્તાન પર આતંકવાદને પ્રોત્સાહન આપવા અને પ્રચાર ફેલાવવા આંતરરાષ્ટ્રીય મંચનો દુરુપયોગ કરવાનો આક્ષેપ લગાવ્યો.

શ્રી ત્યાગીએ પુલવામા, ઉરી, પઠાણકોટ અને મુંબઈ સહિત તાજેતરના પહલગામ હુમલાનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે પાકિસ્તાને અલ-કાયદાના નેતા ઓસામા બિન લાદેનને પણ આશ્રય આપ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CBI MUNAWAR KHAN

કેન્દ્રીય તપાસ સંસ્થા- **CBI**-એ ઇન્ટરપોલની મદદથી મુનવ્વર ખાનને કુવૈતથી ભારત પરત લાવવામાં સફળતા મેળવી છે. મુનવ્વર ખાન છેતરપિંડી કેસમાં વૉન્ટેડ હતો. આંતર-રાષ્ટ્રીય પોલીસ સહકાર એકમ, વિદેશ મંત્રાલય અને કુવૈતના **NCB**ના સહકારથી મુનવ્વર ખાનને સફળતાપૂર્વક ભારત પરત લવાયો છે. કુવૈત પોલીસના એક દળે આજે

મુનવ્વર ખાનને કુવૈતથી હૈદરાબાદના રાજીવ ગાંધી આંતર-રાષ્ટ્રીય વિમાનનથક પર પહોંચાડ્યો.

મુનવ્વર ખાન કેટલાક લોકો સાથે મળીને બૅન્ક ઑફ બરોડા સાથે છેતરપિંડી કરી કુવૈત ભાગી ગયો હતો, જ્યાં તેને ભાગેડુ જાહેર કરાયો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# REV DAY BOXING

ભારતે ઇંગ્લૅન્ડના લિવરપૂલમાં વિશ્વ મુક્કેબાજ સ્પર્ધામાં ત્રણ ચંદ્રક નિશ્ચિત કરી લીધા છે. ભારતીય ખેલાડી જાસ્મીન લેમબોરિયા, નુપૂર શ્યોરાણ અને પૂજા રાની સેમિ-ફાઈનલમાં પહોંચ્યાં છે. જ્યારે બે વખતનાં વિજેતા નિખત ઝરીન ક્વાર્ટર ફાઈનલમાં હારી ગયાં હતાં. તેમને 51 કિલો વજન વર્ગમાં બે વખતનાં ઑલિમ્પિક રજત ચંદ્રક વિજેતા તુર્કીએનાં બુસે નાઝ કાકિરોગ્લુ સામે હારનો સામનો કરવો પડ્યો.

34 વર્ષનાં પૂજા રાનીએ પોલૅન્ડનાં એમિલિયા કોટેરસ્કાને ત્રણ—બેથી હરાવી 80 કિલો વજન વર્ગની સેમિ-ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. આ પહેલા નુપૂરે ઉઝબેકિસ્તાનના ઑલ્ટિનોય સોતિમ્બોએવાને હરાવી 80થી વધુ

કિલો વજન વર્ગમાં સેમિ-ફાઈનલમાં જગ્યા બનાવી છે. જાસ્મીને પણ પોતાના વજન વર્ગમાં અંતિમ ચારમાં પહોંચીને ચંદ્રક નિશ્ચિત કર્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VAISHNAV APPLE TRAINS

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, રેલવે શનિવારથી કાશ્મીર ખીણના બડગામથી દિલ્હીના આદર્શનગર મથક સુધી એક દૈનિક માલગાડી શરૂ કરશે. આ ટ્રેન દેશમાં ફળ અને હસ્તશિલ્પના વેપારીઓને તેમની વસ્તુઓ પ્રદર્શિત કરવાનો એક વિકલ્પ પૂરો પાડશે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી વૈષ્ણવે કહ્યું, જમ્મુ-કાશ્મીર લાઈન શરૂ થવાથી કાશ્મીર ખીણનો સંપર્ક હવે વધુ સરળ થઈ ગયો છે. તેમણે કહ્યું, બડગામથી દિલ્હી માટે આજથી શરૂ થયેલી આ માલગાડીમાં બે ડબ્બા સફરજનથી ભરેલા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .